# પ્રવેશ નિયમો અંગે વારંવાર પૂછાતા પ્રશ્નો તથા ઉત્તરો

| | | |
|---|---|---|
| ૧. | સ. | ડિગ્રી ઈજનેરી તથા ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ધો. ૧૨ (વિ.પ્ર.)માં ઓછામાં ઓછા કેટલા ગુણ મેળવવા જોઈએ ? |
| | જ. | **ડિગ્રી ઈજનેરી/ટેકનોલોજીના અભ્યાસક્રમો માટેઃ** ફિઝિક્સ અને ગણિતનાં ફરજિયાત વિષય ઉપરાંત કેમેસ્ટ્રી અથવા બાયોલોજી અથવા બાયોટેકનોલોજી વિષયમાં થિયરી અને પ્રેક્ટિકલનાં કુલ ગુણનાં ઓછામાં ઓછા ૫૦% (SC/ST/SEBCનાં ઉમેદવારો માટે ૪૫%)<br>**ડિગ્રી ફાર્મસી અભ્યાસક્રમો માટે :** ફિઝિક્સ અને કેમેસ્ટ્રીનાં ફરજિયાત વિષય ઉપરાંત ગણિત અથવા બાયોલોજી અથવા બાયોટેકનોલોજી વિષયમાં થિયરી અને પ્રેક્ટિકલનાં કુલ ગુણનાં ઓછામાં ઓછા ૫૦% (SC/ST/SEBCનાં ઉમેદવારો માટે ૪૫%) |
| ૨. | સ. | જો AB ગ્રુપનાં ઉમેદવારે ધો. ૧૨ (વિ.પ્ર.)માં ફિઝિક્સ, કેમેસ્ટ્રી અને ગણિતનાં વિષયો(બાયોલોજી વિષય સિવાય)માં ૫૦% ગુણ મેળવ્યા હોય, તો તેવા ઉમેદવાર ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશપાત્ર ગણાય ? |
| | જ. | હા |
| ૩ | સ. | જો AB ગ્રુપનાં ઉમેદવારે ધો. ૧૨ (વિ.પ્ર.)માં ફિઝિક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજીનાં વિષયો(ગણિત વિષય સિવાય)માં ૫૦% ગુણ મેળવ્યા હોય, તો તેવા ઉમેદવાર ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં (A ગ્રુપનાં ઉમેદવાર તરીકે) પ્રવેશપાત્ર ગણાય ? |
| | જ. | ના. પરંતુ સદર ઉમેદવાર ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં (B ગ્રુપનાં ઉમેદવાર તરીકે) પ્રવેશપાત્ર ગણી શકાય. |
| ૪ | સ. | ડિગ્રી ઈજનેરી તથા ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે કઈ પ્રાવેશિક પરીક્ષા આપવી ફરજિયાત છે ? |
| | જ. | પ્રવેશપાત્રતા માટે ઉમેદવારે પ્રવેશ મેળવવો હોય તે વર્ષે માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી 'GUJCET' પરીક્ષા આપવી ફરજિયાત છે. |

| | | |
|---|---|---|
| ૫ | સ. | ધો. ૧૦ ટેકનીકલ વિષયો સાથે ઉત્તિર્ણ કરનાર ઉમેદવારોને કોઈ વધારાનાં ગુણ આપવામાં આવે છે ? |
| | જ. | ના. |
| ૬. | સ. | જો ઉમેદવાર દ્વારા ધો. ૧૨ (વિ.પ્ર.)ની પરીક્ષા એક કરતાં વધુ પ્રયત્નોથી ઉત્તિર્ણ કરવામાં આવી હોય, તેવા કિસ્સામાં શું કોઈ ગુણની કપાત થાય છે ? |
| | જ. | ના. |
| ૭. | સ. | મેરીટ માર્કસની ગણતરી કેવી રીતે થાય છે ? |
| | જ. | મેરીટ માર્કસની ગણતરી નીચે મુજબ થાય છે : $\left\{\frac{X}{Y}\times 100\right\}(0.6) + \left\{\frac{A}{B}\times 100\right\}(0.4)$ = મેરીટ માર્કસ<br>જ્યાં, $X$ = આનુષાંગિક ગ્રુપમાં થિયરીમાં મેળવેલા ગુણ<br>$Y$ = આનુષાંગિક ગ્રુપમાં થિયરીનાં કુલ ગુણ<br>$A$ = ગુજકેટમાં આનુષાંગિક ગ્રુપમાં મેળવેલા ગુણ<br>$B$ = ગુજકેટનાં આનુષાંગિક ગ્રુપનાં કુલ ગુણ |
| ૮. | સ. | ફી માફી યોજના (TFWS) શું છે ? |
| | જ. | આ યોજના હેઠળ પ્રવેશ ફાળવાયેલ ઉમેદવારોને તેઓના અભ્યાસનાં સમગ્ર સમયગાળા દરમિયાન સંસ્થા ખાતે ટ્યુશન ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવે છે. રાજ્યમાં ત્રણ/ચાર વર્ષનાં ડિગ્રી, ડિપ્લોમા તથા પોષ્ટ ડિપ્લોમા ટેકનીકલ અભ્યાસક્રમો ચલાવતી માન્ય સંસ્થાઓમાં આ સ્કીમ ફરજિયાત છે. મંજૂર થયેલી બેઠકોનાં વધુમાં વધુ ૫% ઉપર સ્કીમ હેઠળ પ્રવેશ ફાળવી શકાશે, જે સંખ્યાધિક બેઠકો તરીકે ગણાશે. જે ઉમેદવારોનાં કુટુંબની બધા જ સ્રોતોમાંથી વાર્ષિક આવક રૂા. ૨.૫ લાખ કરતાં ઓછી હશે, તેવા ઉમેદવારો જ આ સ્કીમ હેઠળ પ્રવેશપાત્ર ગણાશે અને મેરીટના આધારે પ્રવેશ ફાળવવામાં આવશે. |

| | | |
|---|---|---|
| ૯. | સ. | અનામત નીતિનો ફાયદો શું છે ? |
| | જ. | પ્રવેશ સમિતિ દ્વારા ભરવામાં આવનાર બેઠકોમાંની અમુક બેઠકો મૂળ ગુજરાતનાં હોય તેવા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ (કોઈપણ જાતિનાં વિધવા અને અનાથ સહિત) અને શારીરિક અપંગ અને ચાલુ/માજી સૈનિકોનાં સંતાનો માટે અનામત રાખવામાં આવે છે. જેની વિગત નીચે મુજબ છે :<br>(અ) અનુસૂચિત જાતિ............................૭%<br>(બ) અનુસૂચિત જનજાતિ ........................ ૧૫%<br>(ક) સા. અને શૈ. પ. વર્ગ...................... ૨૭%<br>(વિધવા અને અનાથ સહિત)<br>(ડ) ચાલુ/માજી સૈનિક ............................૧%<br>(ઈ) શારીરિક અપંગ (ઉપરોક્ત બધી કેટેગરીમાં) .....૩% |
| ૧૦. | સ. | ગુજરાત રાજ્યમાં કેટલા પ્રકારની સંસ્થાઓ આવેલી છે ? |
| | જ. | ત્રણ પ્રકારની સંસ્થાઓ છે :<br>(૧) સરકારી (Gov.)<br>(૨) ગ્રાન્ટ મેળવતી સંસ્થાઓ (GIA)<br>(૩) સ્વનિર્ભર (SFI) |
| ૧૧. | સ. | મેનેજમેન્ટ ક્વોટા અને એન.આર.આઈ. ક્વોટા એટલે શું ? શું આવો ક્વોટા સરકારી અને ગ્રાન્ટ મેળવતી સંસ્થાઓમાં હોય છે ? |
| | જ. | સ્વનિર્ભર સંસ્થાઓમાં મંજૂર થયેલી બેઠકોની ૨૫% બેઠકો (૧૫% એન.આર.આઈ. બેઠકો સહિત) મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો કહેવાય છે. સરકારી અને ગ્રાન્ટ મેળવતી સંસ્થાઓમાં આવી બેઠકો હોતી નથી. |

| | | |
|---|---|---|
| ૧૨. | સ. | શું મહિલા ઉમેદવારો માટે કોઈ બેઠકો અનામત રાખવામાં આવે છે ? |
| | જ. | ના. જો કે મહિલા ઉમેદવારોને સરકારી અને ગ્રાન્ટ મેળવતી સંસ્થાઓમાં ટ્યુશન ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવે છે. |
| ૧૩. | સ. | સ્વનિર્ભર સંસ્થાઓમાં મેનેજમેન્ટ ક્વોટાની બેઠકોમાં અનામતનીતિ લાગુ પાડવામાં આવે છે ? |
| | જ. | ના. |
| ૧૪. | સ. | કયા ઉમેદવારોએ 'ઉન્નતવર્ગમાં સમાવેશ થતો ન હોવા અંગેનું પ્રમાણપત્ર' (Non Creamy Layer Certifiate) જમા કરાવવું પડે છે ? |
| | જ. | સામાજિક અને શૈક્ષણિક વર્ગની અનામત બેઠકોનો લાભ મેળવવા ઉમેદવારી નોંધાવનારે 'ઉન્નતવર્ગમાં સમાવેશ થતો ન હોવા અંગેનું પ્રમાણપત્ર' જમા કરાવવું પડે છે. સદર પ્રમાણપત્ર જે વર્ષે પ્રવેશ માટે અરજી કરી હોય તે વર્ષની ૩૧મી માર્ચ બાદ કઢાવેલું હોય તે ફરજિયાત છે. |
| ૧૫. | સ. | ઉન્નતવર્ગમાં સમાવેશ થતો ન હોવા અંગેનું પ્રમાણપત્ર કોણ આપી શકે અને ક્યાંથી મળી શકે ? |
| | જ. | ૩૧મી માર્ચ બાદ જનસેવા કેન્દ્ર, મામલતદાર ઓફિસ અથવા તાલુકા વિકાસ અધિકારી, ગુજરાત રાજ્ય તરફથી સદર પ્રમાણપત્ર મળી શકે. |
| ૧૬. | સ. | ફી માફી યોજનાનો લાભ મેળવવા કયુ પ્રમાણપત્ર ફરજિયાત જમા કરાવવું પડે ? |
| | જ. | ઉમેદવારનાં કુટુંબની વાર્ષિક આવક રૂા. ૨.૫ લાખ કરતાં વધુ ન હોવા અંગેનું સક્ષમ અધિકારી (તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર અથવા જનસેવા કેન્દ્રના અધિકારી) દ્વારા નિયત નમૂનામાં જે-તે વર્ષે ૩૧મી માર્ચ બાદ અપાયેલું પ્રમાણપત્ર ફરજિયાતપણે જમા કરાવવાનું રહેશે. |

| | | |
|---|---|---|
| ૧૭. | સ. | ઈન્કમટેક્ષ વિભાગનું 'ફોર્મ-૧૬' ટ્યુશન ફી માફી યોજનાનો લાભ લેવા માટે અધિકૃત પ્રમાણપત્ર ગણાય છે ? |
| | જ. | ના. |
| ૧૮. | સ. | ટ્યુશન ફી માફી યોજનાનો લાભ લેવા માટે આવકની મર્યાદા કેટલી હોવી જોઈએ ? |
| | જ. | ઉમેદવારનાં કુટુંબની બધા જ સ્રોતોમાંથી થતી કુલ વાર્ષિક આવક રૂા. ૨.૫ લાખ કરતાં વધુ ન હોવી જોઈએ. |
| ૧૯. | સ. | AIEEE ના સ્કોરનાં આધારે ગુજરાતમાં કઈ-કઈ સંસ્થાઓ પ્રવેશ આપે છે ? |
| | જ. | નિરમા યુનિવર્સિટી–અમદાવાદ, ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી–ગાંધીનગર, પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી–ગાંધીનગર, સરદાર વલ્લભભાઈ પટેલ નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી–સૂરત. |
| ૨૦. | સ. | પ્રવેશ કાયમ ('રજિસ્ટ્રેશન કન્ફર્મેશન') કરાવતી વખતે ઉમેદવાર રૂબરૂ હાજર રહે તે જરૂરી છે ? |
| | જ. | હા. અલબત્ત મેડીકલ ઈમર્જન્સીનાં કેસમાં સત્તાધિકારી સમક્ષ સિવિલ સર્જન દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર રજૂ કરવામાં આવતા ઉમેદવારને રૂબરૂ હાજર રહેવામાંથી મુક્તિ મળી શકે છે. |
| ૨૧. | સ. | CBSE અને ISCE બોર્ડનાં વિદ્યાર્થીનો ઓનલાઈન એડમિશનની પ્રક્રિયાના વિવિધ તબક્કાઓમાં રિપોર્ટીંગ માટે કોઈ પણ હેલ્પ સેન્ટર ઉપર જઈ શકશે ? |
| | જ. | હા, જો વિદ્યાર્થીએ પરીક્ષા ગુજરાતમાં આવેલ સ્કૂલમાંથી લાયકી પરીક્ષા ઉત્તીર્ણ કરેલ હશે તો અન્યથા પ્રવેશ સમિતિ, અમદાવાદ ખાતે આવવાનું રહેશે. |
| ૨૨. | સ. | ધો. ૧૨ (વિ.પ્ર.)ની પૂરક પરીક્ષા આપી ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થીઓ પ્રવેશ લાયક ગણાશે ? |
| | જ. | પ્રવર્તમાન નિયમોનુસાર ચાલુ વર્ષની પ્રવેશ કાર્યવાહી માટે તેઓ લાયક ગણાશે નહીં. |

## પ્રવેશ પ્રક્રિયા અંગે વારંવાર પૂછાતા પ્રશ્નો તથા ઉત્તરો

**૧. સ.** પ્રવેશ ફોર્મ સાથે ઉમેદવારે કયા કયા પ્રમાણપત્રો જમા કરાવવાના રહેશે ?

**જ.** **રજિસ્ટ્રેશન ફોર્મ**માં જણાવ્યાનુસાર, રજિસ્ટ્રેશનની ફોર્મની સાથે નીચેનામાંથી લાગુ પડતાં જરૂરી પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલ ઉમેદવારોએ જમા કરાવવાની રહેશે.

(૧) ધો. ૧૨ની માર્કશીટ

(૨) ગુજકેટ-૨૦૧૧ ની માર્કશીટ

(૩) શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અથવા ટ્રાન્સફર સર્ટિફીકેટ

(૪) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનાં કિસ્સામાં ગુજરાત સરકારનાં સક્ષમ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલું જાતિનું પ્રમાણપત્ર

(૫) સક્ષમ સત્તાધિકારી દ્વારા જે તે વર્ષની તા. ૩૧મી માર્ચ બાદ આપવામાં આવેલું 'ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોવા અંગેનું' પ્રમાણપત્ર

(૬) શારીરિક અશકતતાના કિસ્સામાં, જિલ્લા કક્ષાનાં સિવિલ સર્જન/મેડિકલ ઓફિસર દ્વારા આપવામાં આવેલું પ્રમાણપત્ર

(૭) માજી સૈનિકનાં કિસ્સામાં, નિયામક, સૈનિક વેલ્ફેર બોર્ડ, ગુજરાત રાજ્ય અથવા જિલ્લા સૈનિક વેલ્ફર ઓફિસર દ્વારા આપવામાં આવેલું પ્રમાણપત્ર

(૮) કાર્યરત સૈનિકનાં કિસ્સામાં, તેઓનાં યુનિટનાં કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલું પ્રમાણપત્ર

(૯) ફી માફી યોજનાનો લાભ લેવા માંગતા હોય, તેવા કિસ્સામાં સક્ષમ સત્તાધિકારી (કલેક્ટર, જનસેવા કેન્દ્ર, મામલતદાર અથવા તાલુકા વિકાસ અધિકારી) દ્વારા જે-તે વર્ષની ૩૧મી માર્ચ બાદ આપવામાં આવેલું કુટુંબની આવકનું પ્રમાણપત્ર.

**૨. સ.** રીચેકીંગ/રીએસેસમેન્ટ બાદ ગુણમાં વધારો/ઘટાડો થાય તો શું પગલાં લેવા જોઈએ ?

**જ.** ઉમેદવારે નવાં ગુણપત્રક અને અન્ય જરૂરી દસ્તાવેજો સાથે તુરંત પ્રવેશ સમિતિ, એલ. ડી. કોલેજ ઓફ એન્જિ. કેમ્પસ, અમદાવાદ ખાતે સંપર્ક કરવો.

| | | |
|---|---|---|
| ૩ | સ. | પ્રવેશ પાત્રતા અને મેરીટની ગણતરીમાં કોઈપણ વિષયમાં આપવામાં કૃપા ગુણ(ગ્રેસ માર્ક્સ) ની ગણતરી થાય છે ? |
| | જ. | પ્રવેશપાત્રતાની ગણતરીમાં કૃપા ગુણનો સમાવેશ થાય છે, પરંતુ મેરીટની ગણતરીમાં સમાવેશ થતો નથી. દા.ત. કોઈ ઉમેદવારે કોઈ એક વિષયમાં ૨૯+૬ ગુણ મેળવ્યા હોય તો, ૬ ગુણ પ્રવેશપાત્રતા માટે ગણતરીમાં લેવાશે પરંતુ મેરીટની ગણતરીમાં લેવામાં આવશે નહીં. |
| ૪ | સ. | જો કોઈ ઉમેદવારને અગાઉની પ્રવેશ પ્રક્રિયામાં પ્રવેશ ફાળવાયેલ હોય તો આ વર્ષે તે પુનઃપ્રવેશ માટે લાયક ગણાય ? |
| | જ. | જો ઉમેદવારે આ વર્ષે લેવાયેલી 'GUJCET' પરીક્ષા આપી હોય અને અગાઉની પ્રવેશ પ્રક્રિયામાં પ્રવેશ અપાયેલ સંસ્થાનું પ્રવેશ રદ કરાવ્યા બાદનું 'ના વાંધા પ્રમાણપત્ર' અને જરૂરી દસ્તાવેજો રજૂ કરે તો તે પ્રવેશલાયક ગણાશે. |
| ૫ | સ. | ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ જો ઉમેદવારથી PIN ખોવાઈ જાય તો શું પગલાં લેવા જોઈએ ? |
| | જ. | ઉમેદવારે પ્રવેશ સમિતિ, એલ. ડી. કોલેજ ઓફ એન્જિ., અમદાવાદ ખાતે ફોટો ઓળખપત્ર તથા અસલ પ્રમાણપત્રો સાથે સંપર્ક કરવો. જરૂરી ચકાસણી બાદ રૂા. ૫૦/- જમા કરાવ્યેથી નવો PIN આપવામાં આવશે. |
| ૬. | સ. | પ્રવેશ કાયમ (કન્ફર્મેશન) કરાવતી વખતે, હેલ્પ સેન્ટર ખાતે ચકાસણી સમયે જરૂરી અસલ પ્રમાણપત્રો ન હોય તો શું પ્રક્રિયા કરવી પડે ? |
| | જ. | ઉમેદવારે પ્રવેશ સમિતિ, એલ. ડી. કોલેજ ઓફ એન્જિ. કેમ્પસ, અમદાવાદ ખાતે સંપર્ક કરવાનો રહેશે અને સિક્યુટીરી ડિપોઝીટ તરીકે રૂા. ૧૦,૦૦૦ જમા કરાવવાના રહેશે. ત્યારબાદ કામકાજના ૩ દિવસોમાં અસલ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે અન્યથા સિક્યુરીટી ડિપોઝીટ પ્રવેશ સમિતિ દ્વારા જપ્ત કરવામાં આવશે અને પ્રવેશ રદ કરવામાં આવશે. પરંતુ જો, નિયત સમયમર્યાદામાં અસલ પ્રમાણપત્ર રજૂ કરવામાં આવશે તો, રૂા. ૫૦૦/- કાપીને ઉમેદવારને સિક્યુરીટી ડિપોઝીટ પરત કરવામાં આવશે. |

| | | |
|---|---|---|
| ૭. | સ. | ‘રીશફલીંગની પ્રક્રિયા’ શું છે અને તે કેવી રીતે થાય છે ? |
| | જ. | ‘એક્ચ્યુઅલ એડમિશન રાઉન્ડ’ પૂર્ણ થયા બાદ, જો બેઠકો ખાલી રહેશે તો ‘રીશફલીંગ’ની જાહેરાત કરવામાં આવશે. રીશફલીંગ માટે ઉમેદવારે ઓનલાઈન સંમતિ આપવાની રહેશે. જરૂરી માહિતી અને કાર્યવાહીની જાહેરાત પ્રવેશ સમિતિ દ્વારા વેબસાઈટ www.jacpcldce.ac.in ઉપર વખતોવખત કરવામાં આવશે. |
| ૮. | સ. | AB ગ્રુપવાળા ઉમેદવારો માટે મેરીટની ગણતરી કેવી રીતે કરવામાં આવશે? |
| | જ. | આવા કિસ્સામાં ઉમેદવારોને બે મેરીટ નંબર આપવામાં આવશે. એક ઈજનેરી અભ્યાસક્રમો (બાયોલોજી વિષય સિવાય) માટે અને બીજો ફાર્મસી અભ્યાસક્રમો માટે (ગણિતના વિષય સિવાય). |
| ૯. | સ. | ફી માફી યોજનાવાળી બેઠકો અને તે સિવાયની અન્ય બેઠકો, બંનેનો ઉમેદવાર કેવી રીતે લાભ લઈ શકે ? |
| | જ. | જો ઉમેદવાર ફી માફી યોજનાની બેઠકો માટે લાયક હોય તો, ચોઈસ ફિલીંગની પ્રક્રિયા સમયે ફી માફીની યોજનાવાળા અને ફી માફી યોજના વગરનાં તે જ અભ્યાસક્રમો અને સંસ્થાઓની પસંદગી કરવાની રહેશે. |
| ૧૦. | સ. | ચોઈસ ફિલીંગની પ્રક્રિયા સમયે ઉમેદવાર વધુમાં વધુ કેટલી પસંદગી આપી શકે ? |
| | જ. | ઉપલબ્ધ પસંદગીઓમાંથી ઉમેદવાર જેટલી પસંદગી કરવી હોય તેટલી કરી શકે છે. |
| ૧૧. | સ. | જો ઉમેદવારને ફી માફી યોજના હેઠળ પ્રવેશ ફાળવાયો હોય તો, તેણે ટ્યુશન ફી ભરવી પડે ? |
| | જ. | અભ્યાસક્રમનાં સમગ્ર સમયગાળા દરમિયાન આવા ઉમેદવારે કોઈપણ પ્રકારની ટ્યુશન ફી ભરવાની હોતી નથી. |

## પ્રવેશ પ્રક્રિયા અંગે વારંવાર પૂછાતા પ્રશ્નો તથા ઉત્તરો

| | | |
|---|---|---|
| ૧૨. | સ. | પ્રવેશ ફાળવણી બાદ, ઉમેદવારે કેટલા દિવસમાં સંસ્થા ખાતે રિપોર્ટીંગ કરવાનું રહેશે ? |
| | જ. | સદર બાબતનો ઉલ્લેખ એડમિશન લેટરમાં કરવામાં આવશે. |
| ૧૩. | સ. | ઉમેદવાર પાસવર્ડ કેવી રીતે બદલી શકશે ? |
| | જ. | ઉમેદવારનાં લોગઈનમાં "Change Password" બટન આપેલ છે. જેનાથી ઉમેદવાર પોતાનો પાસવર્ડ બદલી શકશે. |
| ૧૪. | સ. | 'મોક રાઉન્ડ' એટલે શું ? |
| | જ. | 'એક્ચ્યુઅલ એડમિશન રાઉન્ડ' પહેલાંનાં, ચોઈસ ફિલીંગની પ્રક્રિયાની પ્રેક્ટિસ અને બેઠકોની ફાળવણીની સમજ માટેનાં રાઉન્ડને 'મોક રાઉન્ડ' કહેવામાં આવે છે. |
| ૧૫. | સ. | બેઠક ફાળવણી બાદ ઉમેદવારે પ્રવેશ રદ કરાવે તો, તેણે ભરેલી ફી પરત મળે ? |
| | જ. | ઉમેદવાર દ્વારા પ્રવેશ રદ કરાવ્યા બાદ, પ્રવેશ પ્રક્રિયાનાં ત્યારબાદનાં તબક્કામાં જો તેની બેઠક સંસ્થા ખાતે ભરાઈ જાય તો, પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, ઉમેદવારને ભરેલી ફી પરત મળે. |
| ૧૬. | સ. | પ્રવેશ ફાળવાયેલ ઉમેદવાર કે જેઓએ હેલ્પ સેન્ટર ખાતે એડમિશન કન્ફર્મ નથી કરાવ્યું, તેઓ આગળની પ્રવેશ પ્રક્રિયા માટે લાયક બને ખરા ? |
| | જ. | હા. અલબત્ત આવા ઉમેદવારે આગળની પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા માટે ઓનલાઈન સંમતિ આપવી પડે. |
| ૧૭. | સ. | અગાઉનાં વર્ષમાં અપાયેલ જાતિ પ્રમાણપત્ર માન્ય ગણાય ? |
| | જ. | હા. પરંતુ 'ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોવા અંગેનું પ્રમાણપત્ર' જે તે વર્ષની તા. ૩૧મી માર્ચ બાદ આપવામાં આવ્યું હોય તો જ માન્ય ગણાય. |
| ૧૮. | સ. | જો અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/સા.અને શૈ.પ. વર્ગનાં ઉમેદવારને ઓપન–જનરલ બેઠક ઉપર પ્રવેશ ફાળવાયેલ હોય તો તેનો શું અર્થ ? |
| | જ. | અનામત કક્ષાનાં કોઈપણ ઉમેદવારને તેઓના મેરીટ અનુસાર પસંદગી યાદીની બેઠકોની ફાળવણી સૌ પ્રથમ ઓપન કેટેગરી પ્રમાણે કરવામાં આવે છે. જો તે મુજબ બેઠક ન મળે તો, અનામતકક્ષા પ્રમાણે બેઠક ફાળવવામાં આવે છે. |

| | | |
|---|---|---|
| ૧૯. | સ. | ડિસેમ્બર ૨૦૧૦ પહેલાં ધો. ૧૨ (વિ.પ્ર.) ઉત્તીર્ણ કરેલ હોય અને GUJCET-2011 આપેલ હોય તેવા ઉમેદવારે ઓનલાઈન એડમિશન માટે શું પ્રક્રિયા કરવી પડે ? |
| | જ. | પંજાબ નેશનલ બેંકની નિર્ધારિત શાખા ખાતેથી માહિતી પુસ્તિકા અને PIN મેળવ્યા બાદ ઉમેદવારે નજીકના હેલ્પ સેન્ટર ખાતે માસ્ટર ડેટા ક્રિએશન માટે જવું પડશે. |
| ૨૦. | સ. | કોઈપણ સ્થળેથી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ, હેલ્પ સેન્ટર ખાતે રિપોર્ટીંગ કરવું ઉમેદવાર માટે ફરજિયાત છે ? |
| | જ. | હા. ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ હેલ્પ સેન્ટર ખાતે રિપોર્ટીંગ સમયે ઉમેદવારે તેઓનાં અસલ પ્રમાણપત્રો ચકાસણી માટે રજૂ કરવા પડશે, એડમિશન કન્ફર્મ કરાવવું પડશે અને 'રજિસ્ટ્રેશન સ્લીપ' મેળવવી પડશે. |
| ૨૧. | સ. | ઉમેદવાર સંસ્થા ખાતે અસલ પ્રમાણપત્રો જમા કરાવવા પડશે ? |
| | જ. | ના. |
| ૨૨. | સ. | ઉમેદવારને પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ મળી ચૂક્યો હોય અને બીજા રાઉન્ડમાં ભાગ લેવા માટે સંમતિ આપી હોય અને બીજા રાઉન્ડમાં પ્રવેશ મળે, આવા કિસ્સામાં ઉમેદવારને પ્રથમ રાઉન્ડમાં ફાળવાયેલ પ્રવેશ પરત મળી શકે ? |
| | જ. | ના. આવા કિસ્સામાં ઉમેદવારનો પ્રથમ રાઉન્ડનો પ્રવેશ આપોઆપ રદ થઈ જશે. |
| ૨૩. | સ. | ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા દરમિયાન જો ઉમેદવાર દ્વારા ખોટી માહિતી ભરાઈ જાય તેવા કિસ્સામાં શું કરવું ? |
| | જ. | આવા કિસ્સામાં ઉમેદવારે નજીકનાં હેલ્પ સેન્ટર ખાતે જવાનું રહેશે અને રજિસ્ટ્રેશનની માહિતી ફેરબદલ અંગેનું ફોર્મ, જરૂરી દસ્તાવેજો સાથે ભરીને આપવું પડશે. 'Edit Registration Form' વેબસાઈટ www.jacpcldce.ac.in ઉપર મૂકેલું છે. ત્યારબાદ સદર સુધારો પ્રવેશ સમિતિ દ્વારા નિયત સમયમાં કરી આપવામાં આવશે. |

| | | |
|---|---|---|
| ૨૪. | સ. | જો ઉમેદવારે કોઈ અન્ય સંસ્થામાં અસલ પ્રમાણપત્રો આપી પ્રવેશ મેળવી લીધો હોય અને ત્યારબાદ તેને પ્રવેશ સમિતિ દ્વારા આપવામાં આવેલ બેઠક ઉપર પ્રવેશ મેળવવો હોય તો, ઉમેદવારે શું કરવું ? |
| | જ. | આવા કિસ્સામાં ઉમેદવારે પ્રવેશ સમિતિ, એલ. ડી. કોલેજ ઓફ એન્જિ., અમદાવાદ ખાતે સંપર્ક કરવાનો રહેશે અને રૂા. ૧૦,૦૦૦/- ડિપોઝીટ ભરી પ્રવેશ મેળવવાનો રહેશે. ત્યારબાદ કામકાજના ૩ દિવસોમાં અસલ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે અન્યથા સિક્યુરીટી ડિપોઝીટ પ્રવેશ સમિતિ દ્વારા જપ્ત કરવામાં આવશે અને પ્રવેશ રદ કરવામાં આવશે. પરંતુ જો, નિયત સમયમર્યાદામાં અસલ પ્રમાણપત્ર રજૂ કરવામાં આવશે તો, રૂા. ૫૦૦/- કાપીને ઉમેદવારને સિક્યુરીટી ડિપોઝીટ પરત કરવામાં આવશે. |